ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:-01** **તા.24-04-2021**

## મારુ પેજ કોરોના મુક્ત પેજ, વેક્સિનેશન યુક્ત પેજ ના મંત્ર હેઠળ દરેક વ્યક્તિઓને વેક્સિનેશન કરાવવા પેજ પ્રમુખો ને અપીલ કરતા શ્રી સી આર પાટીલ

---

## કોરોના મહામારી ની આ વિકટ પરિસ્થિતિમાં ગત અનુભવના આધારે અને કાર્યકર્તાઓની અથાક શક્તિના પરિણામે મહામારી પર વિજય હાંસલ કરવા અંગેનો વિશ્વાસ વ્યક્ત કરતા શ્રી સી આર પાટીલ

---

## સરકારને મદદરૂપ થવું એ સંગઠન નો મૂળ ધ્યેય છે - શ્રી સી આર પાટીલ

---

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે ગુજરાત પ્રદેશ ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી આર પાટીલ સાહેબની અધ્યક્ષતામાં આજરોજ વિડીયો કોન્ફરન્સ દ્વારા એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં માનનીય સંસદ સભ્યશ્રીઓ. માનનીય ધારાસભ્યશ્રીઓ, પ્રદેશના હોદેદારશ્રીઓ અને જિલ્લા ભાજપાના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. મીટીંગ ની શરૂઆત પ્રદેશના સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયાએ સ્વાગત પ્રવચનથી કરી હતી. વિડિયો કોન્ફરન્સ દ્વારા યોજવામાં આવેલ આ મિટિંગમાં પ્રદેશ અધ્યક્ષશ્રી એ વર્તમાન કોરોના મહામારીની પરિસ્થિતિની સામે લડત આપવા માટે વિવિધ યોજનાકીય માહિતી આપી હતી.

શ્રી સીઆર પાટીલે જણાવ્યું હતું કે કોરોના મહામારીના પહેલા તબક્કામાં જેવી આ રીતે ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકરોએ પોતાના જીવનો કે પરિજનોની ચિંતા કર્યા વગર સેવાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત બની સફળતા મેળવી હતી તેવી જ રીતે આ મહામારી ના બીજા તબક્કામાં પણ દરેક કાર્યકર પોતાની અથાગ શક્તિ કામે લગાવી તેમજ ગત વખતના અનુભવને આધારે કોરોના સામેની જંગમાં વિજય હાંસલ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. શ્રી પાટીલે દરેક કાર્યકર્તાઓને સૂચન કરતાં જણાવ્યું હતું કે જે કાર્યકર્તાના મકાનમાં ભાડૂઆત રહેતા હોય તેઓએ ભાડુઆતને આવા કપરા સમયમાં પોતાનું મકાન ખાલી કરાવવું નહિં પરંતુ ભાડુઆત મુશ્કેલીમાં હોય તો તેમને બનતી મદદ કરવી. શ્રી પાટીલે સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, અને કાર્યકર્તાઓને આવી કપરી પરિસ્થિતીમાં રેમડેસીવિર ઇન્જેક્શન ઓક્સિજન અને આઇસોલેસન સેન્ટરની અછતમાં પણ મફત ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાવી તે બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા. કોરોના મહામારીની આવી વિકટ પરિસ્થિતિમાં ભાજપાના દરેક કાર્યકર્તાઓએ પોતાના મનની ભાવનાઓને જાગૃત કરી સેવાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત બની સરકારને મદદરૂપ બનવા નિર્ધાર કર્યો છે, ત્યારે સરકારને મદદરૂપ થવું એ સંગઠન નું મૂળ કાર્ય છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

શ્રી સી.આર.પાટીલે વધુમાં જણાવ્યું હતું કે દરેક વ્યક્તિની ભાવનાઓને સંતોષ આપી શકાય નહીં પરંતુ તેનું સંકલન કરી સંતોષ આપવાનો પ્રયત્ન જરૂર કરી શકાય, આ માટે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓને પોતાના પ્રભારી જિલ્લામાં હાજર રહી સેવાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત થવા માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી હતી

શ્રી પાટીલે પ્રદેશ ઉપપ્રમુખ ડોક્ટર ભરત બોઘરા ની પ્રવૃત્તિ ને પણ બિરદાવી હતી ગુજરાત ભાજપના ધારાસભ્ય શ્રી ઓ સંસદ સભ્યશ્રીઓ અને જિલ્લા મહાનગરના પ્રમુખશ્રીઓ ના સહકાર થી અને સ્થાનિક સંસ્થાઓના સહકારથી જે 12047 બેડ ના આઈસોલેશન સેન્ટરો શરૂ કરવામાં આવ્યા એ પણ ખરેખર પ્રસંશનીય બાબત છે

શ્રી પાટીલે ઓક્સિજનની અછત વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે પહેલા પ્રતિદિન 40 મેટ્રિક ટન ઓક્સિજનની ડિમાન્ડ હતી જે પહેલી એપ્રિલના રોજ 400 મેટ્રિક ટનની થવા જઈ રહી હતી અને હવે આ ડિમાન્ડ વધીને ૧૦૦૦ મેટ્રિક ટન સુધી પહોંચી છે ત્યારે પહેલા રાજ્યમાં 750 મેટ્રિક ટન ઓક્સિજનનું ઉત્પાદન કરવામાં આવતું હતું જે હવે નવા ક્વોટા મુજબ 900 મેટ્રિક ટન છે. જ્યારે રેમડેસીવીર ઇન્જેકશનની માહિતી આપતા જણાવ્યું હતું કે આ ઇંજેક્શન ફાળવવાની સત્તા માત્ર કેન્દ્ર સરકાર હસ્તક છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઓક્સિજનની આયાત પણ શરૂ કરી દીધી છે તેમજ રેમડીસિવર ઇન્જેક્શનની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે જેના કારણે આ મહિનાના અંત સુધીમાં ઓક્સિજન અને ઇન્જેક્શન બંનેની સમસ્યાનો અંત આવી જશે તેવું લાગી રહ્યું છે.

શ્રી પાટીલે અંતમાં ભાજપાના જિલ્લા પ્રમુખો તેમજ પ્રદેશના હોદેદારોને વેક્સિનેશન ઉપર ભાર આપતા જણાવ્યું હતું કે, દરેક પેજ પ્રમુખો ને મારું પેજ કોરોના મુક્ત પેજ, વેક્સિનેશન યુક્ત પેજ ના મંત્ર સાથે જનસંપર્ક કરી શક્ય તેટલું વધારે હાલમાં ૪૫ વર્ષથી ઉપરની વ્યક્તિઓ માટે તેમજ તારીખ ૧લી મેથી 18 વર્ષથી ઉપરની તમામ વ્યક્તિઓને વેક્સિનેશન કરાવવા અનુરોધ કર્યો હતો.

વિડિયો કોન્ફરન્સ માધ્યમથી થયેલ આ મીટીંગના સમાપન અન્વયે કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રીશ્રી પરસોતમભાઇ રૂપાલાએ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત છણાવટ કરી આભાર વિધિ કરી હતી.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)